દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/14-17
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2023
Rs. 5-00, Annual : Rs. 50-00

તંત્રી : પ્રા. વિક્રમ કિષ્નાલાલ જોષી

● વર્ષ : ૧૧ ● અંક : ૮ ● તા. ૧૫-૦૯-૨૦૨૪ ● પાના : ૬ ● છૂટક કિંમત - રૂ. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂ. ૫૦/-

## શ્રદ્ધા ઉત્સાહ અને ઉમંગ સાથે શ્રાવણ માસની કરાઈ ઉજવણી

**માસ દરમ્યાન ૮ લઘુરુદ્ર, ૨૧૦૦ જેટલા શિવમહિમ્ન, ૯૦૦ જેટલા વિષ્ણુસહસ્ત્ર અને સાથે અન્ય સ્તોત્રો કરાયા.**

### ગાંધીનગર સમાજ દ્વારા શિવકૃપા મેળવવા કરાયુ સુંદર આયોજન

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા વર્ષોથી શ્રાવણ માસની ઉજવણી શ્રદ્ધા, ઉમંગ અને ઉત્સાહથી કરવામાં આવે છે. તે રીતે આ વખતે પણ જ્ઞાતિજનોના સાથ-સહકાર અને ઉત્સાહથી ખુબ જ ભક્તિમય વાતાવરણમાં લઘુરુદ્રો કરાયા. સમાજના પ્રમુખ ડૉ.રાકેશભાઈ ભટ્ટના જણાવ્યા મુજબ ૨૧૦૦ જેટલા શિવમહિમ્ન, ૯૦૦ જેટલા વિષ્ણુસહસ્ત્ર અને તેટલી જ શિવમાનસપૂજા, પંચાક્ષર સ્તોત્ર વગેરે પાઠ થયા. જે સમાજના ઉત્કર્ષ, વિકાસ અને એકતા માટે શિવકૃપા મેળવવા સહાયક બનશે.

લઘુરુદ્રનો લાભ શ્રી બિપીનભાઈ જોષી, ડૉ.રાજુલભાઈ જોષી, શ્રી વૈજનાથ મંદિર (શ્રી તિર્થેશને તેનું શ્રેય અર્પણ કરાયું), શ્રી અલ્પેશભાઈ જોષી, શ્રી મુકેશભાઈ ભટ્ટ,

અનુસંધાન પાન નં.૩ પર

## અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશન, ગાંધીનગર સંચાલિત શ્રીમતિ ઉષાનંદી વિનોદચંદ્ર જોશી અન્નપૂર્ણા સહાય યોજના

**દિવાળી પર અપાતી કીટ સાથે વસ્ત્ર અપાશે.**

આપ સૌ જાણો છો તેમ ફેડરેશન સંચાલિત શ્રીમતી ઉષાનંદી વિનોદચંદ્ર જોષી અન્નપૂર્ણા સહાય યોજના હેઠળ વર્ષમાં બે વાર કીટ આપવામાં આવે છે. સમાજના દાતાઓના ઉદાર દાનથી સમાજ પ્રત્યેની સેવા ફેડરેશન દ્વારા થઈ રહી છે. જેમાં સમાજના નિરાધાર, અશક્ત હોય તેવા પરિવારોન કીટ આપવામાં આવે છે.

સમાજના એક સેવાભાવી અને નિષ્ઠાવાન આગેવાન કાર્યકર તરફથી આ યોજનાના અભ્યાસ બાદ દિવાળી જેવા તહેવાર ઉપર નવા વસ્ત્રો પણ કીટ સાથે આપવાનો વિચાર મૂક્યો અને તેનો અમલ પણ તેઓ દ્વારા નામ જાહેર નહિ કરવાની શરતે આ દિવાળી ઉપર અમલ કરનાર છે.

આપ સૌ સુવિદિત છો કે મે માસની કીટ સાથે સમાજ કર્મઠ આગેવાન શ્રી નીતિનભાઈ ભટ્ટના રૂ.૬૦,૦૦૦/-ના ઉદાર દાનથી કીટ ઉપરાંત ૫ કિલો સીંગતેલ અને ૧૦ કિલો ચોખા આપવામાં આવ્યા હતા.

ભગવાને જો આપ્યું હોય તો આ ભવ સુધારવા સમાજના જરૂરિયાતવાળા મદદરૂપ થવું જોઈએ.

અનુસંધાન પાન નં.૪ પર

## તંત્રી લેખ...

**ભટ્ટ મેવાડા છેવાડા !**

જય એકલિંગજી....આપણો સમાજ ભટ્ટ મેવાડા સમાજ તરીકે પ્રસિદ્ધ છે. મૂળે મેવાડ પ્રદેશથી આવીને ગુજરાતમાં વસેલાં. સંખ્યાની દ્રષ્ટિએ નાનકડો સમાજ કહી શકાય. કોઈ નક્કર વૈજ્ઞાનિક ગણતરી થઈ નથી. પણ એક અંદાજે ગણી શકાય. સમય પ્રમાણે વિસ્તાર વધતો ગયો. ધંધા નોકરી કામ માટે થઈ ચારે બાજુ આપણે આગળ વધ્યાં. આપણા રોટી બેટીના વ્યવહાર પણ ખૂબ સીમિત જણાય છે. થોડાક ગામ કે નગરો પુરતાં મર્યાદિત રહ્યા છે. મેવાડ પ્રદેશ તરફ હજુ રોટી બેટીના વ્યવહાર કે આદાન પ્રદાન શરૂ થયાં જ નથી. આ પરિસ્થિતિમાં આપણા સંબંધોનું ગણિત પણ જોવા જેવુ છે. મોટે ભાગે અંદરો અંદર છેડાં અડતા જ રહ્યાં છે. સંબંધોના સંકુલ ગણિતમાં નજર અંદાજ કરવાં જેવું નથી, ત્યારે છેલ્લા થોડા વર્ષોથી ઘટનાઓ જોઈએ તો એકલિંગજી ખાતે અદ્યતન સુવિધાઓ યુક્ત ભવન નિર્માણ થયું. સમાજનો એક મોટો વર્ગ મોટા ઉત્સાહ ભેર સામેલ થયો છે. આવો આપણે સાથે મળીને સમાજને ઉન્નતિના માર્ગે લઈ જઈએ.

જય એકલિંગનાથ...

### શ્રીમતી નિરંજનાબેન ભરતકુમાર ભટ્ટ સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ મૃત્યુ સહાય યોજના

ફેડરેશન સંચાલિત આ યોજનામાં હાલ સુધીમાં ૯૮ સભ્યોના અવસાન થયા છે. તેમના વારસદારોને સહાયની રકમ ચુકવવામાં આવી છે.

રાયગઢના વતની અને અમદાવાદ નિવાસી એવા આ યોજના સભ્ય શ્રીમતી ભાવનાબેન પતંજલીભાઈ અગ્નિહોત્રી એકલિંગજી શરણ થતાં તેમના વારસદારોને સહાયની રકમ ચુકવવામાં આવેલ છે.

યોજનાના નિયમો મુજબ દરેક સભ્યે નિયત ફાળો રૂા.૧૦૦/- અને અગાઉનો ફાળો બાકી હોય તો તે સહિતનો ફાળો વહેલીતકે ભરી દેવા વિનંતી છે. બાકી ફાળાની વિગતો ખજાનચશ્રી ભરતભાઈ પંડયા મોબાઈલ નં. ૯૮૯૮૮૯૭૩૮૦ પર પુછપરછ કરવાની મળી શકશે. હિંમતનગરના સભ્યો ડૉ. વિનાયકભાઈ પંડયાનો સંપર્ક કરી શકશે.

યોજનાના સૌ સભ્યોને પોતાનો ફાળો સ્થાનિક પ્રતિનિધિ અથવા નીચે જણાવેલ ખાતામાં જમા કરવવા વિનંતી છે.

Account Name:-
Akhil Hind Bhatt Mevada Braham samaj Fedration-Mrutyu Sahay Yojana.
Bank Name:- Bank of India, Gandhinagar,
Branch :- Sector-16
Account No.:- 202010110014429
ISFC code:- BKID0002020

બેંકમાં, રોકડા/ચેક કે ઓનલાઈન જમા કરાવનાર સભ્યોએ ફાળો જમા કરાવ્યા પછી સભ્ય નંબર સહિતની વિગતો સાથે ફેડરેશનના ખજાનચી શ્રી ભરતભાઈ પંડયાને મોબાઈલ નં.૯૮૯૮૮૯૭૩૮૦ પર વોટસએપથી જાણ કરવા વિનંતી છે.

સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે ૫૫ વર્ષ સુધીની ઉંમર ધરાવતા જે જ્ઞાતિજનો યોજનામાં સભ્ય બનતા નથી તેઓ યોજનાના સભ્ય બને.

પાન નં. ૧ પરનું અનુસંધાન

શ્રી નીતિનભાઈ ગોર, શ્રી ઉમેશભાઈ પંડયા, શ્રી યોગેશભાઈ પેશ્વા વગેરેએ લીધો હતો.

સમાજ માટે કઈક કરવાની ભાવના સાથે શ્રી મુકેશભાઈ ભટ્ટ ખુબ જ દિલ દઈને લઘુરુદ્ર પૂજા કરાવવામાં આવી અને સમાજના સૌની સુખાકારી માટે કામના કરવામાં આવી.

ગાંધીનગર સમાજ દ્વારા અમાસના દિવસે પાઠનું આયોજન કરવામાં આવતું હતું હવે દર અમાસે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવશે. પ્રથમ લઘુરુદ્રનો લાભ શ્રી ભાવેશભાઈ તુલસીભાઈ વ્યાસે લીધેલ છે. લઘુરુદ્ર નોંધાવવા માટે શ્રી મુકેશભાઈ ભટ્ટનો સંપર્ક કરવા પણ વિનંતી છે.



**દર અમાસના દિવસે હવે લઘુરુદ્ર યોજાશે**









પાન નં. ૧ પરનું અનુસંધાન

સામાજીક પ્રસંગ લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગે પણ દાનનો સ્વીકાર કરવામાં આવે છે.

આ યોજના હેઠળ પ્રાપ્ત થયેલ દાનની વિગત

રૂા.૨,૦૦૦/- શ્રી ભરતભાઈ પંડયા, ગાંધીનગર.
રૂા.૧,૦૦૧/- શ્રી યોગેશભાઇ પેશ્વા, ગાંધીનગર.
રૂા.૧,૦૦૦/- શ્રી દિપકભાઇ પંડયા, ગાંધીનગર.
રૂા.૧,૦૦૦/- શ્રી હિતેશભાઈ મહેશભાઈ જોષી, વિજાપુર
રૂા.૧,૦૦૦/- શ્રી ચિરાગભાઈ જોષી, ગાંધીનગર
રૂા.૧,૦૦૦/- શ્રી દિપકકુમાર દેવેન્દ્રપ્રસાદ ભટ્ટ, અમદાવાદ
રૂા.૧,૦૦૦/- શ્રી કંચનબેન ચંદ્રકાંતભાઈ પંડયા

વર્ષમાં બે વખત અપાતી આ અનાજ સહાય કીટથી આપતા વર્ષ દરમ્યાન તેઓ બે ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકે છે.

અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશનના ખાતામાં ઓનલાઇન કે ચેકથી આપી શકો છો. દાન આપવા માટેની બેંકની વિગત આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| Bank Name | : | Bank of India, Gandhinagar, |
| Branch | : | Sector-16 |
| Account Name | : | Akhil Hind Bhatt Mevada Brahma Samaj Federation |
| Account No. | : | 202010110017389 |
| ISFC code | : | BKID0002020 |

દાન કર્યા બાદ તેની વિગતો ફેડરેશનના ખજાનચી શ્રી ભરતભાઇ પંડયા, ગાંધીનગર (મો. ૯૮૯૮૮૯૭૩૮૦) ને વોટસઅપથી જાણ કરવા વિનંતી છે. દાનની રકમ આવકવેરા કલમ ૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે.

## ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગર દ્વારા સમૂહ યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ યોજાયો.





શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો ઉપક્રમ આનંદ, ઉત્સાહ વેદ રૂચાના ઉચ્ચસ્વર ગાન સાથે સંપન્ન થયો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભટ્ટ મેવાડા બંધુઓ હાજર રહી ઈષ્ટદેવ એકલિંગજી દાદાના સાનિધ્યમાં યજ્ઞોપવિત ધારણ કરવાની વિધિમાં સૌ શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. સમગ્ર ઉપક્રમ કર્મના આચાર્ય તરીકે શાસ્ત્રી શ્રી ચૈતન્યકુમાર એચ. ભટ્ટ દ્વારા વેદોક્ત વિધિથી નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાની વિધિ કરવવામાં આવી હતી. શ્રી ભટ્ટ મેવાડા સમાજ હિંમતનગરના કારોબારી સમિતિના સદસ્યશ્રીઓએ પણ હાજર રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે સૌએ પરસ્પરને વંદન કરી અલ્પાહાર પ્રસાદ લઈ છુટા પડયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સમાજના પ્રમુખ શ્રી સર્વાનંદભાઈ ભટ્ટ અને મહામંત્રીશ્રી દિવ્યેશકુમાર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ

રાયગઢના વતની અને હાલ હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજના કારોબારી સભ્ય અને બી.ઝેડ. ગ્રોમોર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજમાં પ્રિન્સિપાલ અને બી.બી.એ. કોલેજના એચ.ઓ.ડી. તરીકે ફરજ બજાવતાં તથા હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજના પૂર્વ પ્રમુખશ્રી સ્વ.જશુભાઈ નર્મદાશંકર ભટ્ટના પ્રૌત્ર પ્રા.ડૉ.જૈમિનકુમાર મુકેશભાઈ ભટ્ટ ને ગુજરાત સ્ટેટ એજ્યુકેશન દ્વારા રબિન્દ્ર રત્ન પુરસ્કાર-૨૦૨૪ નું બહુમાન પ્રાપ્ત થયેલ છે. જે બદલ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી એકલિંગજી દાદાને પ્રાર્થના.

ધારા સંજયકુમાર જોષી (વડોદરા) ઉદયપુર યુનિવર્સિટીમાંથી અષ્ટકૂટ ગુણ પધ્ધતિમાં નાડીદોષનું વિસ્તૃત વિવેચન વિષય ઉપર પી.એચડી. ની ઉપાધિ મેળવેલ છે. જ્યોતિષ જેવા ગહન વિષય પર આપણી જ્ઞાતિમાંથી ડીગ્રી મેળવી હોય તેવી કદાચ આ પ્રથમ ઘટના છે. ડૉ.ધારા જોષી ને બદલ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી એકલિંગજી દાદાને પ્રાર્થના

## ખેડબ્રહ્મા ભટ્ટ મેવાડા સમાજ દ્વારા એકલિંગજી ખાતે કરાયો પ્રવાસ



શ્રાવણ વદ ચૌદસને રવિવાર તા.૦૧/૦૯/૨૦૨૪ના રોજ ખેડબ્રહ્મા ભટ્ટ મેવાડા સમાજ દ્વારા એકલિંગજી, કેસરીયાજી, શામળાજી ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું તમામ ઓર્ગેનાઈઝેશન શ્રી જનકભાઈ જોષી, ગલોડીયા દ્વારા કરવામાં આવેલ. ગણપતિ દાદા ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદા કુળદેવી કાત્યાયની માતાની પ્રાર્થના કરી યાત્રાનો પ્રારંભ કરેલ, ત્યારબાદ સવારે ચા-નાસ્તો કરી દાદાના દર્શન કર્યા, બપોરનું ભોજન લીલાબા અતિથિગૃહમાં લઈ ત્યાથી કેસરીયાજી દર્શન કર્યા, ત્યારબાદ શામળાજી દર્શન કરી ત્યાં ભોજન લઈ પછી યાત્રા પ્રવાસ પૂર્ણ કરેલ, આ પ્રવાસ દરમિયાન ખેડબ્રહ્મા ભટ્ટ મેવાડા સમાજના પ્રમુખશ્રી હરેશભાઈ જોષી, ખજાનચી શ્રી રમેશભાઈ વ્યાસ, પ્રવાસના ઓર્ગેનાઈઝર શ્રી જનકભાઈ જોષી સહિત સમાજના તમામ ભાઈ બહેનોએ પ્રવાસ દરમિયાન સાથ સહકાર આપેલો હતો, આ પ્રવાસ દરેક વ્યક્તિ પોતાની રીતે કરી શકે તેવા સક્ષમ હતા પરંતુ એક સામૂહિક સંગઠન દ્વારા સૌ સાથે મળી પ્રવાસનો આનંદ માણ્યો હતો. જેમાં એક બીજાનો પરિચય પણ કેળવાયેલ હતો અને ભવિષ્યમાં પણ આવો પ્રવાસ થાય એવી દરેક વ્યક્તિના મોઢે સાંભળવા મળ્યું હતું.

# શ્રી એકલિંગજી શરણ નોંધ

૧. કુમુદબેન જીવણલાલ પુરોહિત, હાલ અમેરીકા તા.૧૬/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૨. ભાવનાબેન પતંજલીભાઈ અગ્નિહોત્રી રાયગઢ હાલ અમદાવાદ તા.૧૭/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૩. યશ દિલીપભાઈ આચાર્ય, તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૪. જશવંતલાલ માણેકલાલ પુરોહિત, અમદાવાદ તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૫. મધુસુદન અંબાલાલ પુરોહિત, તા.૨૦/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૬. પ્રકાશભાઈ નારાયણભાઈ જોષી, નડિયાદ હાલ નૈરોબી તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૭. હેમેન્દ્રભાઈ કાન્તીલાલ ઉપાધ્યાય, વડોદરા વિજાપુર તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૮. પિનાકીનભાઈ કનૈયાલાલ જોષી, આસોડા તા.૩૧/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૯. ડાહીબેન સોમાલાલ જોષી, રાયગઢ હાલ અમેરિકા તા.૦૧/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૦. હરેશકુમાર કાન્તીલાલ ઉપાધ્યાય, રાયગઢ હાલ હિંમતનગર તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૧. મહેશકુમાર હરિલાલ જોષી, અમદાવાદ તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૨. મનુભાઈ શંકરભાઈ જોષી, બાકરોલ તા.૦૫/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૩. હરેશકુમાર કાન્તીલાલ ઉપાધ્યાય, રાયગઢ હાલ હિંમતનગર તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૪. પ્રકાશચંદ્ર કેશવલાલ જોષી, વડોદરા તા.૧૧/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૫. નિરંજનાબેન રમણલાલ ગોર, દાવડ હાલ અડાલજ તા.૧૨/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૬. નટવરલાલ સેવકરામ પંડયા, વડધરી હાલ વડોદરા તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૭. અનસુયાબેન જનાર્દનભાઈ જોષી, રાયગઢ હાલ મુંબઈ તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

સ્વર્ગસ્થના આત્માઓને શ્રી એકલીંગજી દાદા શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ આપત્તિ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. તિર્થેશ (રવિ) અમૃતલાલ ઉપાધ્યાય**

**સ્વ. તા. ૨૪-૦૮-૨૦૨3**

સમય જિંદગીનો ઓછો હશે એ કયા ખબર હતી, અણધારી વિદાય તમારી સર્વત્ર સુવાસ ફેલાવી સભારણા સૌના દિલમા છોડી ગયા, સમાજ સેવા જેનો ધર્મ હતો અને દેવોના દેવ મહાદેવનો જે પ્રખર ભક્ત હતો એવા પરમાર્થી, પરાક્રમી અને આજ્ઞાકારી પુત્ર, પ્રેમાળ પતિ-પિતા, ખડે પગે ઉભો રહેનાર ભાઈ, દિલદાલ ભાઈબંધ એવા અમારા સ્વર્ગીય તિર્થેશ અમૃતલાલ ઉપાધ્યાય (રવિ)ને પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

**સમસ્ત ઉપાધ્યાય, જોષી, ભટ્ટ, પંડયા અને ગોર પરિવાર અંગત મિત્રો તેમજ સ્નેહીજનો તેમજ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર તરફથી અશ્રુભીની શ્રધ્ધાંજલિ**